1. 18મી સદીના યુરોપના વિદ્વાનોએ કઈ બાબતનો સંદેશો આપ્યા હતો ?

- 18મી સદીના યુરોપના વિદ્વાનોએ માનવતાવાદ, સમાનતા અને સ્વતંત્રતાનો સંદેશો આપ્યો હતો.

2. ભારતની કઈકઈ પેદાશોની યુરોપમાં મોટા પ્રમાણમાં માંગ હતી ?

- ભારતના સુતરાઉકાપડ, ગાળી, મરીમસાલા, ઇમારતી લાકડું અને રેશમી વસોની યુરોપમાં મોટા પ્રમાણમાં માંગ હતી.

3. 14મી સદીમાં ઇન્ડોનેશિયા કયા નામે ઓળખાતો હતો ?

- 14મી સદીમાં ઇન્ડોનેશિયા ''જમસાલાના દ્વીપ'' કે ઇસ્ટ ઇન્ડિઝ તરીકે ઓળખાતો હતો.

4. અમેરિકાની શોધ કોણે કરી?

- ઈ.સ. 1492માં સ્પેનના કોલંબસે અમેરિકાની શોધ કરી .

5. યુરોપથી ભારત સુધીનો નવો સુરક્ષિત જળમાર્ગ શોધનાર નાવિકનું નામ જણાવો?

- યુરોપથી ભારત સુધીનો નવો સુરક્ષિત જળમાર્ગ પોર્ટુગીઝ નાવિક વાસ્કોડીગામાએ શોધ્યો હતો.

6. પોર્ટુગીઝોએ ભારતના કયા બંદરે આગમન કર્યું?

- પોર્ટુગીઝોએ ભારતમાં સૌ પ્રથમ કાટિકટ બંદરે આગમન કર્યુ.

8. પોર્ટુગીઝોનો હિંદમાં પ્રથમ ગવર્નર તરીકે કોની નિમણૂક થઈ હતી ?

- પોર્ટુગીઝોએ હિંદમાં પ્રથમ ગવર્નર તરીકે આભેડાની નિમણૂક કરી હતી.

9. ડચોની કઈ જીતે પોર્ટુગીઝોને મોટો ફટકો માર્યો હતો?

- ડચોની શ્રીલંકાની જીત પોર્ટુગીઝોને માટે મોટો ફટકો હતો. (નુકશાન હતું)

10. બ્રિટિશરો ભારતમાં શા માટે આવ્યા?

- પોર્ટુગીઝ અને ડચ વેપારીની અઢળક નફાથી પ્રેરાઇને બ્રિટિશરો ભારતમાં વેપાર કરવા આવ્યા હતા.

11. બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપનીની સ્થાપના ક્યારે થઈ ?

- બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપનીની સ્થાપના 31 ડિસેમ્બર, 1600ના રોજ રોયલ ચાર્ટર એક્ટ અંતર્ગત થઈ હતી.

12. બ્રિટિશરોને ભારતમાં કોઠીઓ સ્થાપવાનો અધિકાર કોના દ્વારા અપાયો હતો ?

- બ્રિટિશરોને મુઘલ સમ્રાટ જહાંગીરે કોઠીઓ સ્થાપવાનો અધિકાર આપ્યો હતો.

13. બ્રિટિશરોએ મુંબઈ ટાપુ કેવી રીતે પ્રાપ્ત કર્યો હતો ?

➢ બ્રિટનના સમ્રાટ ચાર્લ્સ બીજાના લગ્ન પોર્ટુગીઝ રાજકુમારી સાથે થતા મુંબઈનો ટાપુ બ્રિટીશરોને દહેજ સ્વરૂપે પ્રાપ્ત થયો હતો.

14. ફ્રેન્ચ ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ કયાંકયાં વિસ્તારોમાં પોતાના અધિકારો સ્થાપયા હતો?

➢ ફ્રેન્ચ ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ હૈદરાબાદ, રાજમુદ્રી, મુસ્તફાનગર, એલોર અને ચીકાકોલ જેવા ક્ષેત્રો પર પોતાના અધિકાર સ્થાપ્યા હતાં .

15. બ્રિટિશરોનો ચેન્નાઈનો કિલ્લો જ્યાં નામે ઓળખાય છે?

➢ બ્રિટિશરોનો ચેન્નાઈનો કિલ્લો "ફોર્ટ સેન્ટ જ્યોર્જ " ઓળખાય છે.

16. બંગાળના કયા નવાબોએ બ્રિટિશ કંપનીની કાર્યપદ્ધતિનો વિરોધ કર્યો હતો ?

➢ બંગાળના મુર્શીદ કુલીખાં એને અલીવાર્દિખા અને સિરાજ ઉદ દૌલાએ બ્રિટિશ કંપનીની કાર્યપદ્ધતિનો વિરોધ કર્યો.

17. બક્સરનું ઐતિહાસિક યુદ્ધ ક્યારે થયું હતું?

➢ બક્સરનું ઐતિહાસિક યુદ્ધ 22 ઓક્ટોબર, 1764ના રોજ થયું હતું

18. બ્રિટિશરોની કઈ પદ્ધતિએ બંગાળનું શોષણ કર્યું હતું?

➢ બ્રિટિશરોની દ્વિમુખી શાસન પદ્ધતિએ બંગાળનું શોષણ કર્યું હતું.

19. બ્રિટિશરોની કઈ પદ્ધતિએ બંગાળનું શોષણ કર્યું હતું ?

➢ બ્રિટિશરોની દ્વિમુખી શાસન પદ્ધતિએ બંગાળનું શોષણ કર્યું હતું.

20. જનરલ ડેલહાઉસીએ ભારતમાં કઈ નીતિ અમલમાં મૂકી હતી ?

➢ જનરલ ડેલહાઉસીએ ભારતમાં "ખાલસાનીતિ" અમલમાં મૂકી હતી.

21. બ્રિટિશરોએ ઉત્તરાધિકારના બહાના હેઠળ કયાં રાજ્યોને ખાલસા કયો હતાં ?

➢ બ્રિટિશરોએ ઉત્તરાધિકાર ન હોવાના બહાના હેઠળ સતારા, નાગપુર, ઝાંસી રાજ્યોને ખાલસા કર્યા હતા.

22. ફ્રાન્સના કયા ગવર્નર અંગ્રેજોને ભારતમાંથી દૂર કરવા માટે યોજનાઓ બનાવી હતી?

➢ ફ્રાન્સના ગવર્નર જનરલ ડુપ્લેએ અંગ્રેજોને ભારતમાંથી દૂર કરવી માટે યોજનાઓ બનાવી હતી.

23. પ્લાસીનું યુદ્ધ ક્યારે અને કોની વચ્ચે લડાયું?

- પ્લાસીનું યુદ્ધ ઈ.સ. 1757 માં બંગાળના નવાબ સિરાજઉદ્દૌલા અને ઈસ્ટ ઈન્ડિયા કંપની વચ્ચે લડાયું.

24. બક્સરના યુદ્ધ પછી બંગાળના ગવર્નર તરીકે કોની નિમણૂક કરવામાં આવી હતી ?

- બક્સરના યુદ્ધ પછી બંગાળના ગવર્નર તરીકે ક્લાઈવને નિયુકત કરવામાં આવ્યાં હતાં .

25. પ્લાસીના યુદ્ધમાં કયાં અધિકારીઓએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો ?

- પ્લાસીના યુદ્ધમાં એડમિટર વોટ્સન અને કર્નલ ક્લાઈવ જેવા અધિકારીઓએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

26. ભૌગોલિક શોધખોળોના ક્ષેત્રે કઈ યુરોપીયન પ્રજા અગ્રેસર રહી હતી ?

- ભૌગોલિક શોધખોળના ક્ષેત્રે પોર્ટુગલ અને સ્પેન પ્રજા અગ્રેસર હતા.

27. ઈ.સ. 1853ના ચાર્ટર એક્ટ મુજબ સનદી અધિકારીઓની નિયુક્તિ કેવી રીતે કરવામાં આવતી હતી ?

- ઈ.સ. 1853ના ચાર્ટર એક્ટ મુજબ સનદી અધિકારીઓની નિયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા મારફતે કરવામાં આવતી હતી.